GJSK030000922025

દાખલ તારીખ : ૧૬–૦૧–૨૦૨૫
રજીસ્ટર તારીખ : ૧૬–૦૧–૨૦૨૫
ફેંસલ તારીખ : ૧૨–૦૮–૨૦૨૬
અવધિ: ૧–વર્ષ ૬–માસ ૨૭– દિવસ

**પ્રાંતિજના મે.એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની**

**અદાલત સમક્ષ,મુકામ–પ્રાંતિજ**

ફોજદારી કેસ નં.૭૪/૨૦૨૫

આંક :

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

(પ્રાંતિજ પોલીસ સ્ટેશન થર્ડ ગુના રજી.નં.–૧૦૧૭/૨૪)

આરોપી : રવિન્દ્રસિંહ પ્રભાતસિંહ ઝાલા

રહે.માવાની મુવાડી ,તા.પ્રાંતિજ,જી.સાબરકાંઠા.

ગુન્હો : **ધી પ્રોહી. કલમ– ૬૫ (બી) (એફ) મુજબ.**

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.ડી. વાઘેલા
આરોપી તરફે વિ.વ.શ્રી ડી.એ.દરબાર

---

**–: ઠરાવ :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીએ તા.૧૫/૧૧/૨૪ના કલાક–૧૨/૦૫ વાગે મોજે–માવાની મુવાડી ગામની સિમમાં આવેલ બોરડી કંપા પાસ ખુલ્લામા વગર પાસ પરમીટે પોતાની પ્રોહી પ્રવૃતિવાળી જગ્યામાં વાદળી કલરના નાના કેરબા

નંગ–૨ માં દેશી દારૂ ગાળવાનો વોશ જે એક કેરબામાં આશરે ૩૫ લીટર લ ેખે કુલ–૨ કેરબામાં દેશી દારૂ ગાળવાનો વોશ લીટર ૭૦ એક લીટર વોશની કિં.રૂા.૨૫ લેખે કિં.રૂા.૧,૭૫૦/– નો રાખી સ્થળ પર હાજર નહી મળી આવી ગુનો કરી પ્રોહી. એકટની કલમ–૬૫ બી એફ મુજબ નો ગુન્હો કર્યા બાબતની ફરીયાદ ફરીયાદીએ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામાં કરી, લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે.

(૨) આરોપી સમન્સ આધારે કોર્ટમાં હાજર થતાં સૌપ્રથમ બી. એન. એસ. એસ.ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આંક–૩ થી તહોમતનામું ઘડાયા બાદ આંક–૪ આરોપીનો જવાબ રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| | | |
|---|---|---|
| (૧) | આંક : ૬ | પંચ સાહેદ પ્રદિપસિંહ રણજીતસિંહ ઝાલાની જુબાની |
| (૨) | આંક : ૮ | પંચ સાહેદ પ્રવિણભાઈ મનાભાઈ રાવળની જુબાની |
| (૩) | આંક : ૧૦ | ત.ક.અ.અમૃતભાઈ ભગાભાઈની જુબાની |
| (૪) | આંક : ૧૨ | ફરીયાદી હિમાંશુ કાંતીલાલની જુબાની |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| | | |
|---|---|---|
| (૧) | આંક : ૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| (૨) | આંક : ૧૧ | રવાનગી પત્રક |
| (૩) | આંક : ૧૩ | ફરીયાદ |

(૪) ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ સદર કામે આરોપીનું ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધેલ.અમો આરોપી તદન નિર્દોષ છીએ. અમોને ખોટી રીતે સંડોવી દીધેલ છે.

(૫) ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.ડી. વાઘેલાના ઓ દ્વારા તેમની રજુઆતમાં પંચોની રૂબરૂમાં દારૂ ગાળવાનો વોશ મળી આવેલ છે તેમજ હાલના ગુનાના કામે આરોપી ધ્વારા પ્રોહી. મુદ્દામાલ લાવી ગુનો કરેલ હોય ત્યારે ગુના અંગેની ગંભીરતા તથા સજાની જોગવાઈ વંચાણે લેતા આરોપીને યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૫.૧) આરોપીના વિ.વ.શ્રીનાઓ તેમની મૌખીક રજુઆતમાં જણાવે છે કે આરોપી નિર્દોષ છે તથા આ કામે પંચો બનાવવાળી જગ્યાને સમર્થન આપતા નથી અને માત્ર સહી જ કરેલાનું જણાવે છે અને સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં પણ ત.ક.અ ધ્વારા તેવા કોઈ નિવેદન લીધેલ નથી. જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરતા ન હોય ત્યારે આરોપીને મુકત કરવા જોઈએ.

(૬) આ કામના નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**મુદ્દા નં. (૧)** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૫/૧૧/૨૪ના કલાક–૧૨/૦૫ વાગે મોજે–માવાની મુવાડી ગામની સિમમાં આવેલ બોરડી કંપા પાસ ખુલ્લામા વગર પાસ પરમીટે પોતાની પ્રોહી પ્રવૃતિવાળી જગ્યામાં વાદળી કલરના નાના કેરબા

નંગ–૨ માં દેશી દારૂ ગાળવાનો વોશ જે એક કેરબામાં આશરે ૩૫ લીટર લેખે કુલ–૨ કેરબામાં દેશી દારૂ ગાળવાનો વોશ લીટર ૭૦ એક લીટર વોશની કિં.રૂા.૨૫ લેખે કિં.રૂા.૧,૭૫૦/– નો રાખી સ્થળ પર હાજર નહી મળી આવી ગુનો કરી પ્રોહી. એકટની કલમ–૬૫ બી એફ મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં. (૨)** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે દર્શાવેલા કારણોસર નીચે મુજબ આપું છું :–

મુદ્દા નં. (૧) નકારમાં.

મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ...

**–: કારણો :–**

**મુદ્દા નંબર–૧ તથા મુદ્દા નં.૨ :–**

(૮) આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરવા તપાસેલ સાહેદી પુરાવો જોતાં આંક–૬ તથા આંક–૮ થી તપાસેલ ગુનાવાળી જગ્યાના પંચ સાહેદે આંક–૭ થી રજુ કરેલ પંચનામામાં માત્ર તેઓની સહી ઓળખી બતાવી પંચનામાની હકીકતો વિશે કાંઈ જાણતા ન હોવાનું જણાવેલ હોય વિધ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવાની પરવાનગી માંગતા, તે મંજુર કરવામાં આવેલ. જેમાં તેઓ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી. સદર પંચ સાહેદ ફરી ગયેલા જાહેર થયેલ છે. જેથી સદર પંચની જુબાની ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતી નથી.

(૯) આ કામે આંક–૧૦ થી ત.ક.અ. અમૃતભાઈ ભગાભાઈ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા૧૫/૧૧/૨૦૨૪ ના રોજ પ્રાંતિજ પો.સ્ટે મુકામે અ.હે.કો તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન આ કામના ફરીયાદી અ.પો.કો. હિમાંશુ કાંતીલાલ નાઓએ પ્રાંતિજ પો.સ્ટેમાં ફરીયાદ આપેલી જે ફરીયાદ ની હકીત નીચે મુજબ હતી. "માવાની મુવાડી ગામના રાજેન્દ્રસિંહ ભુપતસિંહ ઝાલા તથા મહેશસિંહ કનુસિંહ ઝાલા તથા રવિન્દ્રસિંહ પ્રભાતસિંહ ઝાલાનાઓ માવાપુર ગામ નજીક આવેલ બોરડીકંપામાં દેશીદારૂ ગાળે છે જે હકીકત આધારે પ્રોહી. રેડ કરવાની હોય પંચોને સમજ કરી અમારી સાથેના એ.એસ.આઇ દેવુસીંહ નાઓએ લેપટોપ પંચનામું લખાવનું ચાલુ કરી સદર બાતમીવાળી જગ્યાએ જતાં કોઈ ઈસમ હાજર મળી આવેલ નહી તેમજ સદર હકીકતવાળી જગ્યાએ પ્લાસ્ટિકના કેરબા નંગ–૩ જેમાં આશરે લીટર ૧૦૫ જેટલો દેશી દારૂ ગાળવાનો વોશ જેની કિ.રૂા.૨૬૨૫/– ની ગણી તેમાંથી સેમ્પલ તપાસણી સારુ એક શીશીમાં અલગ કરી પંચો રૂબરૂ સીલ કરી પી.આઈ.શ્રી. એલ.સી.બી.હિંમતનગરનુ મારી વિગતવારનું પંચનામું કરેલું. ત્યાર બાદ સદર બાતમીવાળી જગ્યાથી પશ્વિમે બીજી ભઠ્ઠી ઉપર જતાં ત્યાં કોઈ ઈસમ હાજર મળી આવેલ નહી તેમજ સદર હકીકતવાળી જગ્યા એ પ્લાસ્ટિકના કેરબા નંગ–૨ જેમાં આશરે લીટર ૭૦ જેટલો દેશી દારૂ ગાળ વાનો વોશ જેની કિ.રૂા.૧૭૫૦/– ની ગણી તેમાંથી સેમ્પલ તપાસણી સારુ એક શીશીમાં અલગ કરી પંચો રૂબરૂ સીલ કરી પી.આઈ.શ્રી. એલ. સી. બી. હિંમતનગરનું મારી વિગતવારનું પંચનામું કરેલું. ત્યાર બાદ સદર ભઠ્ઠીવાળી જગ્યાથી પૂર્વે પંચો સાથે જતાં ત્યાં કોઈ ઈસમ હાજર મળી આવેલ નહી તેમજ સદર હકીકતવાળી જગ્યાએ પ્લાસ્ટિકના કેરબા નંગ–૨ જેમાં આશરે લીટર ૭૦ જેટલો દેશી દારૂ ગાળવાનો વોશ જેની કિ.રૂા.૧૭૫૦/– ની ગણી

તેમાંથી સેમ્પલ તપાસણી સારુ એક શીશીમાં અલગ કરી પંચો રૂબરૂ સીલ કરી પી.આઈ.શ્રી. એલ.સી.બી.હિંમતનગરનું મારી વિગતવારનું પંચનામું કરેલું. તેમજ અમોએ સદરી આરોપી વિરુદ્ધ પ્રાંતિજ પો.સ્ટેમાં ફરીયાદ આપેલી" ત્યાર બાદ પ્રાંતિજ પો.સ્ટે પાર્ટ.સી. ગુ.રજી.નં.૧૦૧૭/૨૦૨૪ પ્રોહી. કલમ– ૬૫ બી એફ મુજબનો ગુનો નોંધી આગળની તપાસ. અમોને સોપતા અમોએ સંભાળી લીધેલ તેમજ પ્રોહી રેડ દરમિયાન પંચો તથા પંચનામું અમોએ પંચો રૂબરૂ કરી લીધેલ. આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ તેમજ તપાસના કામે મેળવેલ સાહેદના નિવેદનો તથા સાધનિક કાગળો જોતાં આ કામના આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. સદર ગુનાના કામે અમોએ પ્રોહી. મુદ્દામાલ સ ેમ્પલ એફ.એસ.એલ.માં મોકલેલ તે રવાનગી પત્રક બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તે મેં સદર કામે મોકલેલ તે જ છે અને તેની નીચે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. રવાનગી પત્રકની સાથે સીલ ઈમ્પ્રેશન તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર પણ જોડીને મોકલી આપેલ. સદર રવાનગી પત્રક પુરાવામાં રજુ દાખલ આંક–૧૧ આપવામાં આવે છે. આરોપીને જોયેથી ઓળખતા હોવાનું જણાવે છે. જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

બચાવ પક્ષે સાહેદની કરેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, આ કામે પ્રથમ પંચનામું કરવામાં આવેલ. ત્યાર બાદ ફરીયાદ આપવામાં આવેલ. આ કામે પોલીસ સાહેદ સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી.

(૧૦) આ કામે આંક–૧૨ થી ફરીયાદી હિમાંશુ કાંતીલાલ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૧૫/૧૧/૨૪ ના રોજ એલ. સી. બી.

હિંમતનગર મુકામે આ.પો. કો તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન અમો તથા પોલીસ સ્ટાફના અન્ય માણસો પ્રાંતિજ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથેના અ.પો.કો. પ્રહર્ષકુમારનાઓને બાતમી મળેલ કે, માવાની મુવાડી ગામના રાજેન્દ્રસિંહ ભુપતસિંહ ઝાલા તથા મહેશસિંહ કનુસિંહ ઝાલા તથા રવિન્દ્રસિંહ પ્રભાતસિંહ ઝાલાનાઓ  માવાપુર ગામ નજીક આવેલ બોરડીકંપામાં દેશીદારૂ ગાળે છે જે હકીકત આધારે પ્રોહી. રેડ કરવાની હોય પંચોને સમજ કરી અમારી સાથેના એ.એસ.આઇ દેવુસીંહ નાઓએ લેપટોપ પંચનામું લખાવાનું ચાલુ કરી સદર બાતમીવાળી જગ્યાએ જતાં પ્રથમ માવાની મુવાડી મુકામે ગામની સીમમાં બોરડી કંપા પાસે ખુલ્લામાં પ્રથમ રાજેન્દ્રસિંહ ભુપતસિંહ ઝાલા તથા મહેશસિંહ કનુસિંહ ઝાલાના ત્યા રેડ કરી કાયદેસરની કાર્યવાહી કર્યા બાદ કોઈ ઈસમ હાજર મળી આવેલ નહી તેમજ આજુબાજુ તપાસ કરતાં એક લીમડાના ઝાડ પાસે કેરબા નંગ– ૨ જેમાં દેશી દારૂ ગાળવાનો વોશ લીટર ૭૦ જેની કુલ કિ.રૂા. ૧૭૫૦/– ની ગણી તેમાંથી સ ેમ્પલ તપાસણી સારુ એક શીશીમાં અલગ કરી પંચો રૂબરૂ સીલ કરી પી.આઈ.શ્રી. એલ.સી.બી.હિંમતનગરનુ મારી વિગતવારનુ પંચનામુ કરેલુ . સદર વોશ સબંધે ખાતરી તપાસ કરતાં રવિન્દ્રસિંહ પ્રભાતસિંહ ઝાલા રહે. માવાની મુવાડીએ સદર દેશી દારૂ ગાળવાનો વોશ તૈયાર કરેલ હોવાનુ જાણવા મળેલ જેથી ઉપરોકત તમામ ઈસમો વિરુઘ્ધ પ્રાંતિજ પો.સ્ટે. અમોએ ફરીયાદ આપેલી. જે ફરીયાદ આંક–૧૩ થી રજુ કરેલી છે. અને આરોપીને જોયે ઓળખતા હોવાનું જણાવે છે.

બચાવ પક્ષે સાહેદની કરેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, પ્રથમ પંચનામું કરવામાં આવેલ અને ત્યાર બાદ ફરીયાદ કરવામાં આવેલ.

## :: તારણો ::

(૧૧) ઉપરોકત બંને પક્ષકારોની રજુઆત તથા રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા અને તે સાથે ફોજદારી કાર્યવાહીમાં કરવામાં આવેલ પુરાવાના મુલ્યાંકન વિશે જોઈએ તો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ફરીયાદપક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાની હકીકતો ને નિ:શંકપણે પુરવાર કરવી પડે જેથી ફરીયાદપક્ષના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થવુ જોઈએ કે આરોપીએ જ ગુનો કરેલ છે અને ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે કેટલા સાહેદોને તપાસ્યા છે તે સાહેદોની સંખ્યા મહત્વની નથી, પરંતુ જો ફરીયાદપક્ષના એકપણ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને પુરવાર કરતા હોય અને આરોપીએ ગુનો કરેલ હોવાનું પુરવાર કરતા હોય તથા તેવા સાહેદ વિશ્વસનીય અને આધાર રાખવા લાયક હોય તો તે પુરતું છે, પરંતુ જો ફરીયાદપક્ષના કેસની હકીકતો ઉપર વાજબી શંકા થાય તો તેનો લાભ બચાવપક્ષને મળે તેમ છે.

(૧૨) ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં આ કામના આરોપી સામે વગર પાસ પરમીટે દેશી દારૂ ગાળવાનો વોશ રાખવા અંગેનો આરોપ છે. જે અન્વયે આ કામે ફરીયાદ પક્ષે આ કામે તપાસેલ ગુનાવાળી જગ્યાના પંચ સાહેદોએ રજુ કરેલ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકત સાબીત કરેલ ન હોય સદર પંચ સાહેદને ફરી ગયેલા જાહેર થયેલ છે. જેથી આ કામના ફરીયાદ પક્ષ પંચનામાની હકીકતને સાબીત કરી શકેલ નથી. ત્યાર બાદ આ કામે ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી તથા ત.ક.અ.ની જુબાની વંચાણે લેતાં આ કામે પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદો ને ફરીયાદ પક્ષે તપાસેલ નથી. સદર ગુનાવાળી જગ્યા કહેવાતા આરોપીની માલીકીની હતી તેવો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે સામેલ રાખેલ નથી. વધુમાં

જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત અનુસાર ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકારહિત પુરવાર કરવો જોઈએ, જયારે આરોપીએ માત્ર બચાવ કરવાનો છે. સદર કામે ફરીયાદપક્ષે રજુ કરેલા પુરાવાને વંચાણે લેતાં આ કામના આરોપી એ તેઓની સામે ગુનો આચરેલ હોવા સબંધે ફરીયાદપક્ષ આરોપી સામેનો ગુનો નિ:શંક પણે પુરવાર કરી શકેલ નથી તેમજ આરોપી સામેના ગુનાના તત્વો પુરવાર કરેલ ન હોય ત્યારે ફરીયાદપક્ષે રજુ કરેલ માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમજ હાથ ઉપરના કેસમાં ગુનાવાળી જગ્યાના પંચ સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. આમ આ સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ પ્ર ોહી. એકટની કલમ-૬૫ બી એફ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો નિ:શંક પણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માની મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ઠરાવું છું.

**:: <u>હુકમ</u> ::**

૧. આ કામના આરોપી રવિન્દ્રસિંહ પ્રભાતસિંહ ઝાલા રહે.માવાની મુવાડી ,તા.પ્રાંતિજ,જી.સાબરકાંઠાને બી.એન.એસ.એસની કલમ-૨૭૮(૧) મુજબ ધી પ્રો હીબીશન એકટની કલમ-૬૫ બી એફ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. બી.એન.એસ.એસની કલમ-૪૮૧ ની જોગવાઈ મુજબ છ માસ માટે જામીન લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૨/૦૮/૨૦૨૬
મુ.પ્રાંતિજ.

**( સ્નેહલ મૃદુલભાઈ શુકલ )**
એડી. ચીફ જયુડી. મેજી. , પ્રાંતિજ.
(જજ કોડ-જીજે૦૧૩૮૩)